❀ ❀ ❀

# એપેક્ષ હાર્ટ ઇન્સ્ટિટ્યુટ, એસ.જી. હાઇવે, અમદાવાદને ગુજરાત રાજ્ય સેવા (તબીબીસારવાર) નિયમો, 1988 હેઠળ હૃદયરોગની સારવાર માટે માન્યતા

ગુજરાત સરકાર, આરોગ્ય અને પરિવારકલ્યાણ વિભાગ, ઠરાવક્રમાંક : એમએજી-102013-603999-અ(પા.ફા.)

સચિવાલય, ગાંધીનગર, તા. 26-06-2013

*વંચાણમાં લીધા :*

*(1) આરોગ્ય અને પરિવારકલ્યાણ વિભાગનો ઠરાવક્રમાંક : એમએજી/1088/2616/ચ, તા. 30-12-1988.*

*(2) આરોગ્ય અને પરિવારકલ્યાણ વિભાગનો ઠરાવક્રમાંક : એમએજી/102000/4932/અ, તા. 09-09-2005.*

*(3) આરોગ્ય અને પરિવારકલ્યાણ વિભાગનો ઠરાવક્રમાંક : એમએજી/102004/4932/અ, તા. 01-12-2005.*

*(4) મુખ્ય જિલ્લા તબીબીઅધિકારી સહ સિવિલ સર્જન, જનરલ હૉસ્પિટલ, સોલા, અમદાવાદનો અધિક નિયામકશ્રી, તબીબી સેવાઓને લેખાયેલ તા. 21-08-2012નો પત્ર.*

**ઠરાવ :-**

ઉપર્યુક્ત સંદર્ભમાં દર્શાવેલ આ વિભાગના તા. 30-12-1988 ના ઠરાવથી ગુજરાત રાજ્ય સેવા (ત.સા.) નિયમો, 1988 અને વખતોવખત કરવામાં આવેલ ઠરાવોની જોગવાઈઓને આધીન સરકારી કર્મચારીઓ/અધિકારીઓ/પેન્શનરો તેમજ તેઓના આશ્રિત કુટુંબીજનોની તબીબી અધિકારી સહ સિવિલ સર્જન, જનરલ હૉસ્પિટલ, સોલા, અમદાવાદના તા. 21-08-2012 ના પત્રથી એપેક્ષ હાર્ટ ઈન્સ્ટિટ્યુટ, એસ.જી. હાઈવે, અમદાવાદને ઉક્ત નિયમો હેઠળ રિએમ્બર્સમેન્ટના હેતુ માટે માન્યતા આપવા માટે અભિપ્રાય સાથે દરખાસ્ત રજૂ કરેલ. હાર્ટ એટેક આવેલ સરકારી કર્મચારીઓ/અધિકારીઓ/પેન્શનરો તેમજ તેમના આશ્રિત કુટુંબીજનોની તબીબી સારવાર આપવામાં સમય વ્યતિત ન થાય અને તેમની જિંદગી બચી જાય તે હેતુથી તબીબી સારવારનો ખર્ચ મજરે આપવા એપેક્ષ હાર્ટ ઈન્સ્ટિટ્યુટ અમદાવાદને માન્યતા આપવાની બાબત વિચારણા હેઠળ હતી.

2) સરકારશ્રીની કાળજીપૂર્વકની વિચારણાના અંતે ખાનગી હૉસ્પિટલ, એપેક્ષ હાર્ટ ઈન્સ્ટિટ્યુટ, એસ.જી. હાઈવે, અમદાવાદને ગુજરાત રાજ્ય સેવા (ત.સા.) નિયમો, 1988 હેઠળ હૃદય રોગની સારવાર માટે નીચેની શરતોને આધિન રહીને માન્ય હૉસ્પિટલ ગણવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

(1) હાલમાં ગુજરાત રાજ્ય સેવા (તબીબી સારવાર) નિયમો, 1988 હેઠળના લાભાર્થીઓને આ વિભાગના તા. 09-09-2005 નો ઠરાવક્રમાંક : એમએજી/102000/4932/અ, થી હૃદય રોગ માટે રાજ્યની ખાનગી હૉસ્પિટલોને માન્યતા આપવામાં આવેલ ઠરાવની જોગવાઈઓ, શરતો અને તે સાથે, સામેલ સારવારના નક્કી થયેલ પેકેજના દરો હૃદય રોગની સારવાર માટે એપેક્ષ હાર્ટ ઈન્સ્ટિટ્યુટ, એસ.જી. હાઈવે, અમદાવાદને લાગુ પડશે.

(2) રાજ્ય સરકાર દ્વારા ગુજાત રાજ્ય સેવા (તબીબી સારવાર) નિયમો, 1988 માં મૂળભૂત ફેરફાર કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ છે. તે આખરી થયેથી જે જોગવાઈઓ નક્કી થશે. તે જોગવાઈઓ એપેક્ષ હાર્ટ ઈન્સ્ટિટ્યુટ અમદાવાદને પણ લાગુ પાડવામાં આવશે.

(3) આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની તા. 20-04-2013 ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી, મહેશ સોની

નાયબ સચિવ, આરોગ્ય અને પરિવારકલ્યાણ વિભાગ

❀ ❀ ❀